# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

***************************************************

1) છેલ્લા 10 વર્ષમાં ભારતનું કુલ ઘરેલુ ઉત્પાદન 105 ટકાના વિકાસ સાથે બમણું થયું
2) પ્રધાનમંત્રીએ 'વિશ્વ જળ દિવસ' પર જળ સંરક્ષણ અને સતત વિકાસને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.
3) કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સ્ટાર્ટઅપ્સ સ્થાપતી વખતે સમાજ અને દેશની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવા જણાવ્યું
4) સરકારે 357 ગેરકાયદેસર ઓનલાઈન મની ગેમિંગ વેબસાઇટ્સને બંધ કરી
5) છત્તીસગઢના પ્રખ્યાત હિન્દી કવિ અને લેખક વિનોદ કુમાર શુક્લાની જ્ઞાનપીઠ પુરસ્કાર માટે પસંદગી
6) IPL ક્રિકેટની 18મી આવૃત્તિનો આજથી આરંભ થયો - રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે કોલકત્તા નાઇટ રાઇડર્સ સામે ટોસ જીતી ફિલ્ડીંગ પસંદ કરી

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## IMF – BHARAT VIKAS

છેલ્લા 10 વર્ષમાં ભારતનું કુલ ઘરેલુ ઉત્પાદન-જીડીપી એકસો પાંચ ટકાના વિકાસ સાથે બમણું થયું છે. ૨૦૧૫માં ભારતની જીડીપી બે લાખ દસ હજાર કરોડ ડોલર હતી, જે ૨૦૨૫માં વધીને ચાર લાખ ત્રીસ હજાર કરોડ ડોલર થશે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ-IMF દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ, ભારત હવે અમેરિકા, ચીન, જર્મની અને જાપાન પછી જીડીપીની દ્રષ્ટિએ વિશ્વમાં પાંચમો સૌથી મોટો દેશ બની ગયો છે. એવું કહેવાય છે કે ભારત ટૂંક સમયમાં જાપાનને પાછળ છોડીને આગળ નીકળી જશે.

. . . . . . . . . . . . . . . .

# PM WATER DAY

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે 'વિશ્વ જળ દિવસ' પર જળ સંરક્ષણ અને સતત વિકાસને પ્રોત્સાહન આપવા દેશની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ જળ સંરક્ષણના મહત્વ પર પ્રકાશ પાડતા વીડિયો પણ રજૂ કર્યો. તેમણે ભવિષ્યની પેઢીઓ માટે પાણીને સાચવવાની જરૂરીયાત પર ભાર મૂક્યો.**

**(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

. . . . . . . . . . . . . . . .

# JALSHAKTI ABHIYAN-C.R.PATIL PANCHKULA

આજે વિશ્વ જળ દિવસ નિમિત્તે, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે હરિયાણાના પંચકુલામાં દેવીલાલ સ્ટેડિયમથી રાષ્ટ્રવ્યાપી જળ શક્તિ અભિયાન “કેચ ધ રેઈન-2025” નો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની, હરિયાણા સિંચાઈ અને જળ સંસાધન મંત્રી શ્રુતિ ચૌધરી અને અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય જળ શક્તિ મંત્રીએ નદીઓ, ઝરણા અને જંગલો વચ્ચેના પર્યાવરણીય સંબંધને મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે 'જળ-જંગલ-જન, એક કુદરતી બંધન અભિયાન' પણ શરૂ કર્યું. આ ઉપરાંત, તેમણે જળ સંરક્ષણ યોજનાનું ઓનલાઈન લોન્ચિંગ કર્યું. આ પ્રસંગે, પ્રગતિશીલ ખેડૂતો, મહિલાઓ, પાણી વપરાશકાર સંગઠનો, ઉદ્યોગો અને બિન-સરકારી સંસ્થાઓને પાણી સંરક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# PIYUSH GOYAL START UP FESTIVAL

કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સ્ટાર્ટઅપ્સને નવા વિચારો અને નવીનીકરણ અપનાવતી વખતે સમાજ અને દેશની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવા વિનંતી કરી છે.

અમદાવાદમાં વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટીવલની બીજી આવૃત્તિને સંબોધતા શ્રી ગોયલે વિક્સિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં સ્ટાર્ટઅપ્સની ભૂમિકા પર ભાર મૂક્યો.

દેશમાં સ્ટાર્ટઅપ માળખાને મજબૂત કરવામાં મોદી સરકારની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરતા શ્રી ગોયલે અર્થતંત્રમાં સ્ટાર્ટઅપથી આવેલી તેજીનો ઉલ્લેખ કર્યો.

**(BYTE - PIYUSH GOYAL)**

. . . . . . . . . . . . . . . .

# DGGI - ONLINE MONEY GAMING

ચીજવસ્તુ અને સેવાકર - જીએસટી ઇન્ટેલિજન્સના મહાનિદેશકે 357 ગેરકાયદેસર ઓનલાઈન મની ગેમિંગ વેબસાઇટ્સને બંધ કરી છે. મહાનિદેશકે વિદેશથી કાર્યરત ઓનલાઈન ગેમિંગ કંપનીઓ સામે કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ કંપનીઓ GSTની નોંધણી કરાવવામાં, કર ચૂકવવામાં અને કર નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે.

મહાનિદેશકે ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ સાથે જોડાયેલા 166 બેંક ખાતાઓ પણ સીલ કર્યા છે, જે ભારત બહારની કંપનીઓ સાથે જાડાયેલા હતા. આ કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે.

સરકારે સામાન્ય લોકોને સાવધ રહેવા અને વિદેશી ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ સાથે જોડાવાથી દૂર રહેવાની સલાહ આપી છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## DELHI ASSEMBLY - PAPERLESS

દિલ્હી સરકાર, સંસદીય બાબતોના મંત્રાલય, અને દિલ્હી વિધાનસભા સચિવાલયે આજે રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન - NeVA ના અમલીકરણ માટે ત્રિપક્ષીય સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ પ્રસંગે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તા હાજર રહ્યા હતા. દિલ્હી રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન પ્લેટફોર્મ સાથે જોડાયેલી 28મી વિધાનસભા બની છે.

આ પ્રસંગે બોલતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે આ વ્યવસ્થા દિલ્હીના લોકો તેમજ રાષ્ટ્રીય રાજધાનીના ધારાસભ્યો માટે ફાયદાકારક રહેશે.

(બાઇટ-કિરેન રિજિજુ)

દરમિયાન, દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ જણાવ્યું હતું કે વિધાનસભા પેપરલેસ બનશે અને રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશન 100 દિવસમાં લાગુ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

## CHHATTISGARH JNANPITH AWARD

છત્તીસગઢના પ્રખ્યાત હિન્દી કવિ અને લેખક વિનોદ કુમાર શુક્લાને આ વર્ષનો સૌથી મોટો સાહિત્યિક સન્માન, જ્ઞાનપીઠ પુરસ્કાર આપવામાં આવશે.

શ્રી શુક્લા છત્તીસગઢની રાજધાની રાયપુરમાં રહે છે, તેમનો જન્મ ૧ જાન્યુઆરી, ૧૯૪૭ના રોજ રાજનંદ ગામમાં થયો હતો. તેઓ છેલ્લા 50 વર્ષથી સાહિત્યિક લેખનમાં રોકાયેલા છે. તેમની નવલકથાઓ "નૌકર કી કમીઝ", "ખિલેગા તો દેખેંગે" અને "દિવાર મેં ખીડકી" શ્રેષ્ઠ હિન્દી નવલકથાઓમાંની એક માનવામાં આવે છે. આ ઉપરાંત, તેમના વાર્તા સંગ્રહો "પેડ પર કમરા" અને "મહાવિદ્યાલય" પણ ચર્ચામાં રહ્યા છે. તેમની કવિતાઓમાં, "વહ આદમી ચલા ગયા, નરમ ગરમ કોટ પહનકર", "આકાશ  ધરતી કો ખટખટાતા હૈ" અને "કવિતા સે લંબી કવિતા" ખૂબ જ લોકપ્રિય થઈ છે. શ્રી શુક્લાએ બાળકો માટે પુસ્તકો પણ લખ્યા છે. તેમના પુસ્તકોનો ઘણી ભાષાઓમાં અનુવાદ પણ થયો છે.

જ્ઞાનપીઠ પુરસ્કાર માટે પસંદગી અંગે વિનોદ કુમાર શુક્લાએ કહ્યું કે આ એક મોટો પુરસ્કાર છે અને આ પુરસ્કાર તેમને તેમની જવાબદારીનો અહેસાસ પણ કરાવે છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ જ્ઞાનપીઠ પુરસ્કારની જાહેરાત પર વિનોદ કુમાર શુક્લાને અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . . . . .

## NIGER-ATTACK

નાઇજરના દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્રમાં એક મસ્જિદ પર થયેલા હુમલામાં 44 લોકો માર્યા ગયા અને 13 ઘાયલ થયા. નાઇજરના સંરક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે કોકોરાઉના ફોમ્બીતા ગામમાં ગઈકાલે બપોરની નમાજ પછી હુમલો થયો હતો. સરકારે આ હુમલા માટે ઇસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા સંગઠનને જવાબદાર ઠેરવ્યું છે.

. . . . . . . . . . . . . . .

## KHELO INDIA PARA GAMES

દિલ્હીમાં ખેલો ઈન્ડિયા પેરા ગેમ્સના ત્રીજા દિવસે, ભાગ્યશ્રી માધા જાધવે મહિલાઓના ભાલા ફેંકમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. વીરભદ્ર સિંહે પુરુષોની ડિસ્કસ થ્રો શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીત્યો. પુરુષોની શોટ પુટ શ્રેણીમાં, મોનુ ઘંગાસે સુવર્ણ ચંદ્રક જીત્યો.

ચંદ્રકોની યાદીમાં તમિલનાડુ પ્રથમ સ્થાને, હરિયાણા બીજા સ્થાને અને ઉત્તર પ્રદેશ ત્રીજા સ્થાને છે.

. . . . . . . . . . . . . . . .

## PUNJAB - ISRO

ભારતીય અવકાશ સંશોધન સંગઠન -ઇસરોના અધ્યક્ષ, ડૉ. વી. નારાયણને જણાવ્યું હતું કે ઇસરો એક ભારતીયને ચંદ્ર પર લઈ જવા અને તેને સુરક્ષિત રીતે પરત લાવવાના મિશન પર કામ કરી રહ્યું છે. આગામી 2035 સુધીમાં ભારતનું પોતાનું અવકાશ મથક હશે.

શ્રી નારાયણે ગઈકાલે જલંધરમાં લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીની 8મી વિદ્યાર્થી સંસદને સંબોધિત કરતાં આ મુજબ જણાવ્યું હતું.

ડૉ. નારાયણને કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક ભારતીયને ચંદ્ર પર લઈ જવા અને તેને સુરક્ષિત રીતે પરત લાવવાના મિશન પર કામ કરવા માટે માર્ગદર્શિકા આપી છે અને ઇસરો 2040 સુધીમાં આ કાર્ય પૂર્ણ કરશે.

નાસાના અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરના અવકાશમાં નવ મહિનાના પ્રવાસ પછી સુરક્ષિત પરત ફરવા અંગે, ડૉ. નારાયણને કહ્યું કે આપણા પોતાના મિશનની સફળતા માટે આપણે બીજાઓ પાસેથી શીખવું પડશે.

. . . . . . . . . . . . . . . .

## KARNATAK RSS

બેંગલુરુમાં આયોજિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - RSS ની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠકમાં બાંગ્લાદેશમાં હિન્દુઓની દુર્દશા પર ચર્ચા કરવામાં આવી હતી. બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતી સમુદાયો સાથે થઈ રહેલા અમાનવીય વર્તન પર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં સંયુક્ત રાષ્ટ્ર અને વૈશ્વિક સમુદાયને હિન્દુઓ વિરુદ્ધ હિંસા રોકવા માટે બાંગ્લાદેશ સરકાર પર દબાણ લાવવાની માંગ કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . .

## IPL CRICKET

IPL ક્રિકેટની 18મી આવૃત્તિનો આજથી આરંભ થયો છે. આઇપીએલની પ્રથમ મેચમાં કોલકાતામાં વર્તમાન ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ચાલી રહ્યો છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ટોસ જીતી ફિલ્ડીંગ પસંદ કરી છે.

હાલમાં મળતા સમાચાર મુજબ કોલકાતા નાઈટ રાઈડર્સે 4.1 ઓવરમાં 1 વિકેટે 31 રન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મેચ શરૂ થયા પહેલા ઉદ્દઘાટન સમારોહમાં હિન્દી સિનેમાના અભિનેત્રી દિશા પટણી, પ્રખ્યાત ગાયિકા શ્રેયા ઘોષાલ અને પંજાબી ગાયક કરણ ઔજલાએ પ્રસ્તુતિ કરી હતી.

આ ટુર્નામેન્ટમાં 10 ટીમો 74 મેચ રમશે. સ્પર્ધાની ફાઇનલ 25 મેના રોજ યોજાશે.

. . . . . . . . . . . . . . .